મળસ્કે ઠંડીમાં હાઈવે મુસાફરોની ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યો : પતરા કાપી ચાલક, ૪૦ મુસાફરોને બચાવાયા

શિરડી જતી લક્ઝરીને કોસંબા નજીક અકસ્માત : એકનું મોત

૨૪ ઈજાગ્રસ્તોને સુરત અલગ-અલગ હોસ્પિટલમાં ખસેડાયા : નેશનલ હાઈવે જામ થયો, ચાલક સામે ગુનો દાખલ

। કીમ ।

રાજસ્થાનથી શિરડી જઈ રહેલી મુસાફરો ભરેલી લકઝરી બસ કોસંબા નજીક નેશનલ હાઈવેની બાજુમાં આવેલા ખાડામાં ખાબકતા કેબિનનો ખુરદો વળી ગયો હતો. ફાયર વિભાગ દ્વારા પતરા કાપી ચાલક અને મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતની ઘટનામાં બસમાં સવાર ૪૦ જેટલા મુસાફરો એક બીજા પર દબાઈ જતા હાઈવે ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યો હતો. આ અકસ્માતમાં સુરતનાં કોસાડના એક મુસાફર યુવકનું મોત થયું હતું. જ્યારે ૨૪ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજા થતા સુરતની અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનથી માલાની ટ્રાવેલ્સની લકઝરી બસ નં.એઆર-૦૧-ટી-

૦૫૪૯નાં ચાલકે લકઝરી બસ ભરૂચ-અંકલેશ્વર વટાવી અમદાવાદથી મુંબઈ તરફ જતા રોડ પરથી પસાર થતી હતી ત્યારે ચાલકે સ્ટિયરિંગ ઉપરનો કાબૂ ગુમાવી દેતા કોસંબા ફાટક બ્રિજ ઉતરતા ચાંદની હોટલ સામે હાઈવેની બાજુમાં આવેલા ખાડામાં ઉતરી ગઈ હતી. મળસ્કે ૪:૩૦ વાગ્યે આ ઘટના બની ત્યારે બસમાં મુસાફરો ઊંઘતા હતા. ત્યારે અકસ્માત થતાં પેસેન્જરો એક બીજા ઉપર ચઢી ગયા હતા અને ચીચીયારીઓથી આકાશ ગુંજી ઊઠ્યું હતું. આ ઘટનામાં લકઝરી બસની કેબિનનો ખુરદો બોલી ગયો હતો. લોકો મદદે દોડી આવી કોસંબા પોલીસને જાણ કરી હતી. બનાવનાં સ્થળે આવી પહોંચેલી કોસંબા પોલીસની ટીમોએ અંદર ફસાયેલા ૪૦થી વધુ પેસેન્જરોને બહાર કાઢયા હતા. જોકે અંદર દબાયેલા કેટલાક પેસેન્જરોને કામરેજ ફાયરબ્રિગેડની ટીમે રેસ્ક્યુ કરી પતરા કાપી બહાર કાઢ્યા હતા. લકઝરી બસમાં સવાર રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્રનાં ૪૦થી વધુ પેસેન્જરો પૈકી સુરત કોસાડ આવાસમાં રહેતા ૩૦ વર્ષીય સંદિપ રામદાસ બાવીસકરને ગંભીર ઈજા થયાં કોસંબાની હોસ્પિટલમાં ખસેડ્યા બાદ સુરત સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું, ત્યારે અન્ય ૨૪ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ સાથે સુરત સિવિલ સહિત અલગ અલગ હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવનાં પગલે અમદાવાદથી મુંબઈ જતા માર્ગ પર ટ્રાફિક જામ થઈ જતા કોસંબા પોલીસે કલાકોની જહેમતનાં અંતે પરિસ્થિતિ પૂર્વવત કરી હતી. પોલીસે લકઝરી ચાલક પુરખારામ જાટ રહે ઉડુ ગામ તા.જી.બાડમેર (રાજસ્થાન) વિરૂદ્ધ વરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

ઇજાગ્રસ્તોની યાદી

(૧) વિષ્ણુ રૂપરામજી સુથાર (ઉ.વ.૩૮), (૨) લુખીબેન રૂપારામ સુથાર (ઉ.વ.૬૨), (૩) અશોક ધનારામ પુરોહિત (ઉ.વ.૩૩), (૪) દિપાલીબેન નવનીતભાઈ સોનવણે (ઉ.વ.૪૦), (૫) મંજુબેન પ્રવિણભાઈ દેસાઈ (ઉ.વ.૨૭), (૬) પ્રવિણભાઈ રામાભાઈ દેસાઈ (ઉ.વ.૩૬), (૭) રમેશ ભેરૂભાઈ ચૌધરી (ઉ.વ.૧૮), (૮) રાકેશ છોટુરામ હરજીવન (ઉ.વ.૨૧), (૯) શાંતિ રેવા ઠાકોર (ઉ.વ.૧), (૧૦) ગણપત વાલા ઠાકોર, (૧૧) ચંપાલાલ છગ્નાસમ (ઉ.વ.૨૮), (૧૨) નવનીત સોનવણે (ઉ.વ.૪૮), (૧૩) દિલિપ લાલજીભાઈ વાઘેલા (ઉ.વ.૨૨), (૧૪) અકબરખાન હમીરખાન (ઉ.વ.૪૫), (૧૫) લાલજી રાજા વાઘેલા (ઉ.વ.૫૨), (૧૬) યોગીતા લાલજી વાઘેલા (ઉ.વ.૧૯), (૧૭) દિપિકા દિનેશ વાઘેલા (ઉ.વ.૧૯), (૧૮) અમરત લાલુરામ ચૌધરી (ઉ.વ.૧૮), (૧૯) વિક્રમ પારસ દરજી (ઉ.વ.૨૨), (૨૦) વિમલાબેન લાલજીભાઈ વાઘેલા (ઉ.વ.૨૮), (૨૧) પુરખા રાતવા રામ (ઉ.વ.૪૯)

ગેંગસ્ટર વિશાલ ગોસ્વામીના સાગરીત મનીષ ગોસ્વામીની ઘાટલોડિયાથી ધરપકડ

। અમદાવાદ ।

ઘાટલોડિયામાં રહેતા કાપડના વેપારીને થોડા દિવસ અગાઉ ગેંગસ્ટર વિશાલ ગોસ્વામીના સાગરિત એવા મનીષ ગોસ્વામીએ ૨૫ લાખની ખંડણી અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ઘાટલોડિયા પોલીસે મનીષ ગોસ્વામીને ગોતામાં તેના ઘર પાસેથી ઝડપીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું છે કે, આરોપી વિરૂદ્ધ વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ દરમ્યાન અમદાવાદ કાઈમ બ્રાન્ચ, રાણીપ, ચાંદખેડા, ઘાટલોડિયા ઉપરાંત રાજ્યના અનેક પોલીસ સ્ટેશનમાં લૂંટ, હત્યા, ચોરી, આર્મ્સ એક્ટ હેઠળની ફરિયાદો નોંધાયેલી છે.

દિવાળીના દિવસે મનીષ ગોસ્વામી તેમની દુકાને આવીને બિભત્સ શબ્દો બોલ્યા હતા. મનીષે વેપારીને કહ્યુ કે, મારે તમારા પુત્ર પાસેથી ૨૫ લાખ લેવાના છે તેમ કહીને ઝઘડો કર્યો હતો. આટલુ જ નહીં, જો ૨૫ લાખ નહીં આપો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી.

સંદેશ
APPOINTMENT advantage
Job Openings
દર મંગળવાર, ગુરુવાર અને શનિવાર

WANTED
AYURSUN PHARMA Re-Search based Ayurvedic Company Requires for : Pharma/Veterinary/OTC/ Dairy Divisions
AREA SALES MANAGER for (HQ-Surat/Ahmedabad) all divisions - Salary No Bar as per experience
Person should have minimum 5 to 7 years experience in reputed companies with good territory knowledge & Marketing Procedures.
MEDICAL REPRESENTATIVE
H.Q. : Surat, Vadodara, Ahmedabad, Rajkot, Mehsana (SK/BK)
Should have minimum 2 to 4 years experience in good companies.
Apply within 7 Days - attend for personnel Interview on Dt. 4th & 5th Dec. at SURAT
Āyursun PHARMA Re-Search for AYURVEDA
58, Bhatpore G.I.D.C., Magdalla-Hazira Road, Surat.
e-mail : itis_ayursun@yahoo.com
WhatsApp: 7574861862 (M.M. - Mr. Satyababu)

REQUIRES
Company Secretary 3
Intern / Fresher / Experienced
Accountant.....3
Fresher & Experienced
Walk - In Interview Thu - Fri - Sat 3.00 to 6.00 pm
Email: workingspace28881@gmail.com
M: 9925 11 8001

ખોડલધામના નરેશ પટેલ સામે ગંભીર આક્ષેપ કરનાર સરદારધામના ઉપપ્રમુખ જયંતિ સરધારાએ હવે કડવા-લેઉવાનો મુદ્દો પણ ઉછાળ્યો

સરદારધામના ઉપપ્રમુખ પર હુમલો કરનાર પીઆઈ પાદરિયા સસ્પેન્ડ

। રાજકોટ ।

રાજકોટમાં રહેતા સરદારધામના ઉપપ્રમુખ જીવલેણ હુમલો કરનાર પીઆઈ પાદરીયાને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે આ પ્રકરણમાં હોસ્પીટલના બિછાનેથી ખોડલધામના નરેશ પટેલ સામે ગંભીર આક્ષેપ કરનાર સરદારધામના ઉપપ્રમુખ જયંતિ સરધારાએ હવે કડવા-લેઉવાનો મુદ્દો પણ ઉછાળ્યો છે તેમણે કહ્યું હતું કે પીઆઈ પાદરીયાએ મને એવું કહ્યું હતું કે કડવા પટેલ અમને પસંદ નથી.

રાજકોટમાં સરદારધામના ઉપપ્રમુખ ઉપર જીવલેણ હુમલો કરવાના ગુનામાં જેની સામે હત્યાની કોશિષનો ગુનો નોંધાયો છે તેવા જુનાગઢ એસઆરપી રીજીયન પીઆઈ સંજય પાદરીયાને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે સસ્પેન્શન દરમિયાન તેનું હેડ ક્વાટર બરોડા ટ્રેનિંગ સેન્ટર રહેશે તેવું ડીવાયએસપી એચ પી દોષીએ જણાવ્યું હતું.

સરદારધામના ઉપપ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર જયંતિભાઈ સરધારાએ આજે હોસ્પિટલના બિછાનેથી મીડિયા સમક્ષ એવું નિવેદન આપ્યું હતું કે મેં લાત મારી હોવાની જે વાત છે તેમાં તે વખતે પીઆઈ પાદરીયાએ મને એવું કહ્યું હતું કે હું પીઆઈ છું મેં અગાઉ કેટલાયને ખોઈ નાખ્યા છે અને તું પણ ખોવાઈ જઈશ કહી હાથ ઉગામતા મેં સ્વબચાવ માટે લાત મારી હતી આ પ્રકરણમાં કાયદો કાયદાનું કામ કરે જેણે ગુનો કર્યો છે તેને સજા થવી જ જોઈએ આજે પોલીસ ખાતાનો પીઆઈ કક્ષાની વ્યક્તિ સમાજના આગેવાન ઉપર આ રીતે હુમલો કરે તે ખુબ નિંદનીય છે ભૂતકાળમાં આ પીઆઈ પાદરીયાએ કેટલા કૌભાંડ કર્યા છે તે આખા સમાજને ખબર છે અને સમાજના આગેવાનોને પણ ખબર છે પ્રવક્તાએ આ ડખ્ખો વ્યક્તિગત હોવાનું નિવેદન આપ્યું હોય તેની સામે સરધારાએ જણાવ્યું હતું કે પ્રવક્તાએ આવા નિવેદનથી કઈક લાભ થતો હશે એટલે કહેતા હશે મેં અને પાદરીયાએ આની પહેલા કોઈ દિવસ એક મિનીટ વાત કરી નથી સાત તારીખે હું નરેશભાઈના આશીર્વાદ લેવા ગયો હતો નરેશભાઈ જ નહિ કોઈપણ કાર્યકર્તાએ મને કામ ચીંધ્યું હોય અને મેં ન કર્યું હોય તેવો અત્યાર સુધીમાં કોઈ રેકોર્ડ નથી મને ખોડલધામ પ્રત્યે કોઈ અણગમો નથી

પીઆઈ પાદરીયા નરેશભાઈનો અંગત માણસ છે એ જગજાહેર છે હું એક નથી કહેતો પાદરીયાએ મને એવું કહ્યું હતું કે કડવા પટેલ અમને પસંદ નથી કડવા પટેલ આપણને છેતરે છે લુવે છે મારી બંને માતૃ સંસ્થા છે મને ફંડ ઉઘરાવવાની જવાબદારી સરદારધામમાંથી આપી હતી એટલે હું ફંડ ઉઘરાવતો હતો ખોડલધામમાં મને ફંડની જવાબદારી નહોતી આપી એટલે એ વિષયની મને ખબર નથી હું મારા ૧૫ ડીસેમ્બરના કાર્યક્રમ માટે જ ફંડ ઉઘરાવતો હતો એટલે આ હુમલો કર્યો હોય શકે સ્પષ્ટ ન કહી શકું.

NEOTECH CAMPUS VADODARA
NEOTECH EDUCATION FOUNDATION
At - Virod, Harni-Virod Road, Vadodara-390022
Contact: +91 - 9913365000 +91 - 9978365000
EMPLOYMENT NOTICE

Neotech Institute of Technology (Approved by AICTE & Affiliated to GTU)

Department	No. of Posts: Professor	Associate Professor	Assistant Professor
Civil Engineering	1	2	9
Electrical Engineering	0	2	4
Mechanical Engineering	2	7	21
Computer Engineering	2	4	18
Mathematics	-	-	01
English	-	-	01
Chemistry	-	-	-
Physics	-	-	01

Neotech Faculty of Diploma Engineering (Approved by AICTE & Affiliated to GTU)

Department	No. of Posts: HOD	Lecturer
Civil Engineering	1	06
Electrical Engineering	1	06
Mechanical Engineering	1	13
Computer Engineering	1	06
Mathematics	-	02
English	-	01
Chemistry	-	01
Physics	-	01

Lab Technician - Mechanical - 8, Electrical - 4, Civil - 4, Computer - 4 • Accountant - 1 • Administrative Asst.- 2
Librarian -1 • Reception - 2 • Training & Placement Officer - 1 • Sport Officer - 1
Eligibility & Qualification as per AICTE/GTU/UGC norms. Actual number of positions may vary at the time of interview, based on availability of suitable candidates. Date of Interview shall be communicated to shortlisted candidates. Candidates should bring their CV, supporting originals, one set of photocopy of Documents and two passport size photos at the time of interview.
Apply on or before 20/12/2024 at NTC Campus, Virod, Vadodara - 390022 or mail to careers@neotech.ac.in

જાહેર અપીલ
સ્વ. કે.જી. આચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, રજી. નં. ઈ/૧૪૧૫, રજી. તા. ૩૦/૬/૬૬, અમદાવાદ સંચાલિત નૂતન વિદ્યાલય હાઈસ્કુલ (હા.સે.) વટવા, અમદાવાદ હાલમાં આર્થિક વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહેલ છે. જાહેર જનતા ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓને ઉદાર હાથે દાન આપી ટ્રસ્ટ મંડળને શૈક્ષણિક વિકાસમાં મદદરૂપ થવા વિનંતી.

ધી કુકરવાડા નાગરિક સહકારી બેંક લિ.
હેડ ઓફીસ : નાગરિક ભવન, માર્કેટયાર્ડ, મુ. કુકરવાડા-૩૮૪૫૩૦, તા. વિજાપુર, જી. મહેસાણા M: 96646 41362
આથી બેંકના સભાસદોને જાણ કરવામાં આવે છે કે વર્ષ ૨૦૨૩-૨૪ માટેની જાહેર કરવામાં આવેલ સભાસદ ગીફ્ટ વિતરણ તા. ૦૨-૧૨-૨૦૨૪ સોમવારથી બેંકની કુકરવાડા શાખામાંથી ચાલુ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.
વધુ માહિતી બેંકની નજીકની શાખા કે બેંકની વેબસાઈટ www.kukarwadabank.com પરથી મળશે.
ચેરમેનશ્રી તથા બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ,
ધી કુકરવાડા નાગરિક સહકારી બેંક લિ.

GMDC
TENDER NOTICE
E-Tender No.: T. No.: 14/FK/PIPELINE & ROAD WORKS/2024
E-Tenders are invited for "Works of (1) Providing & Fixing of Main Water Supply Pipeline from Overhead Tank to Colony Chamber Valves & at Mines office Ambadungar (2) Construction of New RCC Road from Officer Colony Main Road to Guest House at GMDC Fluorspar Project, Kadipani, Tal: Kavant, Dist-Chottaudepur".
For e-tenders notice, tender documents and for other details, visit our website www.gmdcltd.com.
Tender shall be downloaded from https://tender.nprocure.com and https://www.gmdcltd.com and submitted on line as per e-tender notice.
Gujarat Mineral Development Corporation Ltd.
(A Government of Gujarat Enterprise)
Khanij Bhawan, 132 Feet Ring Road, Near University Ground, Vastrapur, Ahmedabad-380052

AHMEDABAD MUNICIPAL CORPORATION (BUILDING PROJECT)
REQUEST FOR PROPOSAL

Sr.No.	Name of Work	Estimates Tender Cost
1	RFP for Survey, Design, Construction, Operation And Maintenance Of Aspirational Public Toilets At High Footfall area, tourist places and other commercial places and rejuvnation of Old CT/PT Of Ahmedabad City.	Item Rate

Date to upload to the website : 28/11/2024
Date of opening of technical bid : 18/12/2024
The details and tender are available on the This website : www.tender.nprocure.com
AHMEDABAD MUNICIPAL CORPORATION

AHMEDABAD JANMARG LIMITED
(A 100% Subsidiary of Ahmedabad Municipal Corporation)
Registered. Office : Dr. Ramanbhai Patel Bhavan, Usmanpura, Ahmedabad-380013, Gujarat, India.
SHORT-TENDER NOTICE No.18 -2024/25

SR. No.	NAME OF WORK	AMOUNT (EXCLUDING GST)
1	Repairing railing, kerbing and Other Misc. civil work of BRTS Corridor From Kankaria Pushpkunj Circle to Khodiyar nagar in Ahmedabad Janmarg Ltd.	4,14,568.69
2	Colour work of Railing and Kerbing from Danilimda Char rasta to Shah E Alam Char rasta in East side BRTS corridor and other BRTS route in Ahmedabad Janmarg Ltd.	4,13,179.71

Last Date for receiving tender: 07.12.2024, up to 16.00 Hrs.
Registered. Office : Dr. Ramanbhai Patel Bhavan, Usmanpura, Ahmedabad-380013,Gujarat, India.
Interested Parties may download tender document from A.M.C. website www.ahmedabadcity.gov.in
Parties willing to bid for more than one tender are required to submit Bid for each tender separately.
Executive Director- AJL& Dy. MC. - AMC

વરતેજમાં સાડા ચાર વર્ષની બાળાને ઘરે લઈ જઈને નરાધમે દુષ્કર્મ આચર્યું

। ભાવનગર ।

ભાવનગર નજીકના વરતેજમાં સાડા ચાર વર્ષની બાળાને ચોકલેટની લાલચ આપીને ઘરે લઈ જઈને યુવકે પોતાના ઘરે દૂષ્કર્મ આચરતા ભારે ફિટકારની લાગણી વરસી રહી છે. પોલીસને જાણ થતા જ સ્થળ પર જઈને નિવેદનો લઈને દુષ્કર્મ આચરનાર શખસને ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી હતી, બાળાને મેડીકલ ચેકઅપ કરવા સર ટી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, આવતી કાલે ગુરૂવારે આરોપીને કોર્ટમા રજુ કરીને રિમાન્ડની માંગણી કરાશે.

ઘટના એવા પ્રકારની છે કે, ભાવનગર નજીક વરતેજમાં એક ધર્મસ્થાન વિસ્તારમાં સાડા ચાર વર્ષની બાળા એકલી ઘરે હતી, એ સમયે આ જ વિસ્તારમાં રહેતો યુવક તેને ચોકલેટ આપી લલચાવીને તેના ઘરે લઈ ગયો હતો, જ્યા ફૂલ જેવી બાળા પર નજર બગાડી હતી, અને તેની સાથે દૂષ્કર્મ આચર્યુ હતું. બપોરના સમયે બનેલી ઘટના બાદ બાળા રડતી રડતી તેના ઘરે ગઈ હતી, જ્યા તેની માતાએ તેની પુછપરછ કરી હતી, એ સમયે બાળાએ તેની આપવીતી વર્ણવતા બાળાની માતાના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. બાળા સાથે અજૂગતુ થયા બાદ માતાએ પોલીસને જાણ કરી હતી.

ઘટનાના પગલે બાળાની માતાએ પોલીસને જાણ કરી હતી, જેના પગલે એસપી તેમજ વરતેજ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો, અને બાળાની માતાનુ નિવેદન લેવામાં આવ્યુ હતુ, બાળાએ અને તેની માતાએ વ્યક્ત કરેલી આપવીતી આધારે વરતેજ પોલીસ મથકમાં એફઆઈઆર દાખલ કરીને શ્રમજીવી યુવક સામે પોકસો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાનમાં ગણતરીના કલાકોમાં શ્રમજીવી શખસને પોલીસે ઝડપી લીધો હતો. બાળાનુ મેડીકલ ચેકઅપ કરવા સર તખ્તસિંહજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પોકસો એક્ટ નીચે ગુનો દાખલ કરવામાં આવતા તપાસ ડીવાયએસપી આર.આર.સિંઘલએ હાથ ધરી હતી તેઓએ જણાવ્યુ હતુ કે, આરોપીને ઝડપી લીધો છે, તેમજ કાલે કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માંગણી કરવામાં આવશે.

ભાવનગરમાં પરિણીતાએ બે દીકરીઓ સાથે અગ્નિસ્નાન કર્યું

। ભાવનગર ।

ભાવનગર જિલ્લાના ઘોઘા તાબેના હાથબ ગામે ખેત શ્રમજીવી પરિવારની પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર તેની બંને પુત્રી સાથે રાખી પ્રથમ બંને દિકરી પછી પોતાની માથે જ્વલંનશીલ પદાર્થ છાંટીની પરિણીતાએ દિવાસળી ચાંપી જાતેથી સળગી-સળગાવી દેતા ગંભીર હાલતે ત્રણેયને ભાવનગરની સારવાર અર્થે સર ટી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જાણવા મળેલ વિગતો મુજબ ભાવનગર જિલ્લાના હાથબ ગામે આવેલ હાથબ બંગલા પાસે એક વાડીમાં ભાવેશ ભરત ગોહિલ નામના ખેત શ્રમજીવી યુવાન તેની પત્ની નીતા ઉર્ફે નયના (ઉ.૩૨), પુત્રી પ્રતિક્ષા (આ.ઉ.મ.૯) તથા નાની પુત્રી ઉર્વીશા (આ.ઉ.મ.૫) સાથે રહે છે, આજે સવારના સમયે કોઈ અગમ્ય કારણોસર ભાવેશભાઈની પત્ની નીતા ઉર્ફે નયનાએ સૌપ્રથમ તેના પર કોઈ જ્વલનશીલ પ્રવાહી છાંટીને ત્યાર બાદ તેની નવ વર્ષીય પુત્રી પ્રતિક્ષા તથા ઉર્વીશાને ઉપર પણ પેટ્રોલ જેવું પ્રવાહી છાંટી કાંડી ચાપી દેતા મહિલા તથા તેની બંને પુત્રીઓ ભળભળ સળગી ઊઠ્યા હતા. ઘટનાની જાણ પતિ ભાવેશ તથા આસપાસના રહીશોને થતા સૌ દોડી ગયા હતા અને પરિણીતા તથા સંતાનો પર લાગેલી આગ બુજાવી તત્કાલ સારવાર અર્થે ભાવનગર સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે માતા તથા પુત્રીઓને અહીં આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
પ્રોપર્ટી ટેક્ષ વિભાગ
જાહેર નોટિસ-૦૪/૨૦૨૪-૨૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી જીપીએમસી એક્ટ,૧૯૪૯ નાં શીડ્યુલ-એ ના પ્રકરણ-૮ નાં નિયમ અનુસાર કરદાતાઓને તેમના નામ સામે દર્શાવેલ મિલકતો માટેના પ્રોપર્ટીનાં બીલો પહોંચાડેલ છે. પ્રોપર્ટી ટેક્ષના બીલો મોકલવા છતાં તેમજ નોટિસ આપવા છતાં જે કરદાતાઓ તરફથી પ્રોપર્ટી ટેક્ષ ભરવામાં આવેલ નથી, તેવા કરદાતાઓને ટેક્ષ ખાતાના પશ્ચિમ ઝોનમાં સ્થિત નીચેની મિલકતો / માલિક / કબજેદારશ્રીઓને કલમ ૪૨,૪૩ મુજબ ટાંચ અને જપ્તીનું વોરંટ બજાવવામાં આવેલ તેમજ ત્યારબાદ કલમ ૪૫(૧) મુજબની કાર્યવાહી કરેલ છે. આ અંગેની નોટીસ બજાવ્યાની મુદત વીત્યા છતાં મ્યુ.કર, મિલકત કર, શિક્ષણ ઉપકર, વ્યાજ, નોટિસ ફીની રકમ વસુલ આવેલ ન હોઇ નીચે દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે જપ્તીમાં લીધેલ મિલકતની નિયમ-૪૭ મુજબ હરાજીકરવામાં આવશે. તો મિલકત ખરીદ કરવા રસ ધરાવનાર ઇસમોએ હરાજીના સ્થળે-સમયે ભાગ લેવા આથી જાહેર નોટિસ આપવામાં આવે છે.

અ નં.	ટેનામેન્ટ નંબર	માલિક/કબજેદાર	મિલકતનું સ્થળ	બાકી ટેક્ષની (રૂ.) તા. ૩૧-૦૩-૨૪ સુધી	હરાજી માટે નક્કી કરેલ કિંમત(રૂ.)	હરાજીનો સમય
૦૧	૦૫૧૨-૦૯-૦૨૩૬-૦૦૦૧-ડી	લીલાવતી કાંતિલાલ સાંકળચંદ, સુરેશ કાંતિલાલ ચોકસી, O/S ડેડર્સ લોયડ કોર PO પ્રાઇવેટ લિમિટેડ કબજેદાર- સેલ્ફ	કાંતિલાલ ટાવર, ટાઉનહોલ પાસે એલિસબ્રિજ , અમદાવાદ	૯,૭૫,૭૮૩/-	૩૭,૩૩,૦૦૦/-	૧૧.૦૦
૦૨	૦૫૧૨-૦૯-૦૨૨૬-૦૦૦૧-કે	લીલાવતી W/O કાંતિલાલ સાંકળચંદ, સુરેશ કાંતિલાલ ચોકસી, ઓન્કાર ટ્રાવેલ્સ પ્રાઇવેટ લી. કબજેદાર- સેલ્ફ	કાંતિલાલ ટાવર, ટાઉનહોલ પાસે એલિસબ્રિજ , અમદાવાદ	૭,૭૪,૧૮૭/-	૬૧,૬૪,૦૦૦/-	૧૧.૦૦
૦૩	૦૫૧૨-૦૫-૦૪૩૬-૦૦૦૧-ઈ	શ્રીજી હાઉસ ઓનર્સ એસો. કબજેદાર- સેલ્ફ હિલ્ટનરબર લી	પાંચમો માળ-૨ શ્રીજીહાઉસ, એમ.જે લાઇબ્રેરીની સામે એલિસબ્રિજ અમદાવાદ	૧૦,૦૨,૪૫૦/-	૫૦,૪૮,૦૦૦/-	૧૨.૦૦
૦૪	૦૫૧૨-૦૧-૨૩૨૧-૦૦૦૧-સી	તુલિપ બિલ્ડિંગ કબજેદાર- ગ્લાસ વર્લ્ડ	ગ્રા.ફ્લોર-૧૬તુલિપ બિલ્ડિંગ વી.એસ હોસ્પિટલની સામે આશ્રમરોડ અમદાવાદ	૧૭,૫૮,૩૦૪/-	૪૫,૨૧,૦૦૦/-	૦૧.૦૦
૦૫	૦૫૧૬-૧૧-૦૭૭૧-૦૦૦૨-એચ	સેકે. જલવિહાર કો.ઓ.હા.સો.લી કબજેદાર- યુનાઈટેડ સેલ્સ કોર્પોરેશન	બી /૨૫ જલવિહાર સોસાયટી નવજીવન આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪	૧૩,૩૮,૯૮૪/-	૪૩,૮૩,૦૦૦/-	૦૨.૦૦

નિરીક્ષણની તારીખ અને સમય:તા.૦૩/૧૨/૨૦૨૪સવારે ૧૧.૦૦થી બપોરના૦૨.૦૦ સુધી
બીડ જમા કરાવવાની છેલ્લી તારીખ: તા.૦૭/૧૨/૨૦૨૪ સાંજે ૦૪.૦૦કલાક સુધી (બંધ કવર ઉપર મ્યુનિસિપલટેનામેન્ટ નંબર ફરજીયાત લખવો)
બીડ ઓપન કરવાનો સમય:તા.૦૭/૧૨/૨૦૨૪ સાંજે ૦૫.૦૦ કલાકે
હરાજીની તારીખ:તા.૧૨/૧૨/૨૦૨૪સવારે૧૧.૦૦ થી બપોરના ૦૩.૦૦ કલાક (ઉપર અનુક્રમ નંબરની સામે જણાવ્યા મુજબ)
શરતો અને નિયમો,હરાજી ઓફર ફોર્મ,ફાઇનાન્સીયલ બીડ ફોર્મ તથા હરાજીની શરતો અને નિયમો અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.ahmedabadcity.gov.inઉપરઉપલબ્ધ છે.
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

HDFC BANK
હેડ ઓફિસઃ એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩
પ્રાદેશિક ઓફિસઃ સ્પેશિયલ ઓપરેશન વિભાગ, પેનિન્સ્યુલા બિઝનેસ પાર્ક, બી-વિંગ, ચોથો માળ, ડાઉન મિલ્સ કમ્પાઉન્ડ, ગણપત રાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩
ઈ-હરાજી વેચાણ નોટિસ

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની જોગવાઈઓ હેઠળ બેન્ક પાસે ગીરો મુકાયેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી આ નોટિસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો)/ગિરવેદાર(રો)/જામીનદાર(રો)ને આપવામાં આવે છે કે, એચડીએફસી બેન્ક લિ.ના અધિકૃત અધિકારી(ઓ)એ નીચે આપેલ લોન ખાતાઓમાં સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની સેક્શન ૧૩(૨) હેઠળ જારી કરેલ ડિમાન્ડ નોટિસ અન્વયે, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (અત્રે)ના હુકમથી નીચે આપેલ મિલકતોનો ભૌતિક કબજો મેળવી લીધેલ તે વેચાણના હક સાથે તે મિલકત "જે છે ત્યાં છે", "જે છે તે છે" "જે કંઈ છે ત્યાં છે" અને રિકોર્સ વગર આધારે" બેન્કની બાકી લેણા રકમ વત્તા અહી નીચે મુજબના વ્યાજની વસૂલી તથા તે જ ચુકવણી કરવામાં કસૂર કરતા, અહી નીચે સહી કરનારે સદર એક્ટની સેક્શન ૧૩(૪) સહિત વંચાણે લેતા સદર રૂલ્સનાં રૂલ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ બેંકના બાકી લેણાની વસૂલી માટે સદર મિલકત/તો વેચાણ માટે પ્રસ્તાવ કરે છે. આ વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ પર આપેલ ઈ-હરાજી પ્લેટફોર્મ પર યોજવામાં આવશે.

સ્થાવર મિલકતોનું વિવરણ

શાખાનું નામ અને ખાતું	મિલકત ગિરવે મૂકનારાનું નામ	ગિરવે મિલકતની વિગતો	ડિમાન્ડ નોટિસ મુજબ રકમ / ડિમાન્ડ નોટિસ તારીખ	નિરીક્ષણ તારીખ અને સમય	અનામત કિંમત / ઈએમડી / બીડ વધારા રકમ	ઈ-હરાજીની તારીખ/સમય	બિડો સ્વીકૃતિની અંતિમ તારીખ	અધિકૃત અધિકારીનું નામ/ફોન નં./ ઈ-મેલ આઈડી
એચડીએફસી બેન્ક લિ., મુંબઈ. ખાતુ-મે. કનૂલી ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડ	ગિરવેદાર : શ્રીમતી ઉષા હરિસુમન ત્રિવેદી અને શ્રી